Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરિપત્ર

યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓને જણાવવાનું કે, સિન્ડિકેટની તા.૧૩- ૦૮-૨૦૧૫ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૩૨ સંદર્ભે નીચે મુજબ ઠરાવેલ છે.

**" શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ તા.૧૫-૬-૨૦૧૫થી શરૂ થતા સંલગ્ન કોલેજોના શૈક્ષણિક કર્મચારીઓ પ્રતિ વર્ષ ૪(ચાર) ખાસ આકસ્મિક રજા આગામી ત્રણ વર્ષ સુધીમાં કુલ ૧૨(બાર) ખાસ આકસ્મિક રજા આચાર્યશ્રીની મંજૂરી મેળવી ભોગવી શકશે અને યુનિવર્સિટીના શૈક્ષણિક કર્મચારીઓ ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન ૫(પાંચ) ખાસ આકસ્મિક રજા વડાશ્રીની મંજૂરી શેળવી ભોગવી શકશે તેમજ ચાલુ શૈક્ષણિક વર્ષે દિવાળી વેકેશન એક અઠવાડિયુ લંબાવવું."**

સિન્ડિકેટનાં ઉપરોકત ઠરાવનાં અનુસંધાનમાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજોનાં જે શૈક્ષણિક કર્મચારીઓ શૈક્ષણિક વર્ષ: ૨૦૧૫-૨૦૧૬ દરમ્યાન નિવૃત્ત થતાં હોય, તેઓ તમામ(૧૨) ખાસ આકસ્મિક રજા આચાર્યશ્રીની મંજૂરી મેળવી ભોગવી શકશે, તથા શૈક્ષણિક વર્ષ: ૨૦૧૬-૨૦૧૭ દરમ્યાન નિવૃત્ત થતાં હોય, તેઓ છ(૦૬) ખાસ આકસ્મિક રજા શૈક્ષણિક વર્ષ: ૨૦૧૫-૨૦૧૬ દરમ્યાન અને બાકીની છ(૦૬) ખાસ આકસ્મિક રજા શૈક્ષણિક વર્ષ: ૨૦૧૬-૨૦૧૭ દરમ્યાન આચાર્યશ્રીની મંજૂરી મેળવી ભોગવી શકશે.

વધુમાં જણાવવાનું કે, જે શૈક્ષણિક કર્મચારીઓ તા.૧૫/૦૬/૨૦૧૫ થી તા.૦૩/૦૭/૨૦૧૫ સુધી ગેરહાજર રહેલ હોય, તેઓની સદર ગેરહાજરી તેઓને મળવાપાત્ર સદર ૧૨(બાર) ખાસ આકસ્મિક રજા સામે સરભર કરી શકશે.

સદર પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવો.

કુલસચિવ

ક્રમાંક: એસ(૧)/ (પરિપત્ર)/ ૧૫૧૫૧ / ૨૦૧૫
યુનિવર્સિટી કાર્યાલય
સુરત. તા.૨૯-૦૯-૨૦૧૫

**પ્રતિ,**

યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફ જાણ તથા ચુસ્તપણે અમલ થવા સારૂ...